| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧.૦૪.૨૦૨૬ | | |
| રજુ તારીખ | ૦૧.૦૪.૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૦૧.૦૭.૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહિનો | દિવસ |
| | ૦૦ | ૦૩ | ૦૦ |

**વલસાડ ના મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મા, વલસાડ**

ક્રિમીનલ કેસ નં. ૨૨૧૮/૨૦૨૬
આંક : ૧૬

ફરીયાદી : શ્રી સરકાર

**-:: વિરૂદ્ધ ::-**

આરોપી : ૧. રાજ મુકેશભાઇ ગાંધી,
ઉ.વ.૨૫, વ્યવસાય: છુટક મજૂરી
રહે. ગુંદલાવ, શિવ શક્તિ રેસીડન્સી, ચોથા માળે એ-૪૦૩,
સ્કુલ ફળીયા, તા.જી.વલસાડ

૨. ભાવિન ઉર્ફે ભાવેશ શૈલેષભાઇ ધો.પટેલ,
ઉ.વ.૨૫, વ્યવસાય: છુટક મજૂરી
રહે. ગોરગામ, ભંડાર ફળીયા, તા.જી.વલસાડ

==========================================================

**ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ**

==========================================================

ફરીયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી.એમ.આર.પટેલ
આરોપીઓ તરફે : વિ.વકીલશ્રી આર.એસ.પટેલ

==========================================================

## – :: JUDGMENT :: –

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૯.૦૯.૨૦૨૫ ના રોજ કલાક ૦૩:૧૫ વાગ્યે મોજે સેગવી ગામ, વડ ફળીયા, સ્કુલની પાસે રોડ ઉપર તા.જી.વલસાડ ખાતે આ કામે પકડાયેલ આરોપીઓએ તેઓના કબજાની સુઝુકી કંપનીની કાળા કલરની મોપેડ રજી નંબર જીજે-૧૯-બીડી-૪૬૭૯, કિં.રૂ. ૩૦,૦૦૦/- તથા બીજી સુઝુકી કંપનીની વહર નંબરની કાળા કલરની એકસેસ મોપેડ કિં.રૂ.૩૦,૦૦૦/- મળી બંને મોપેડ કુલ કિં.રૂ.૬૦,૦૦૦/-ની સીટના

નીચે ડીક્કીના ભાગે છુટી તથા મોપેડના આગળ પગ મુકવાની જગ્યાએ કાળા કલરના રેગ્જીનના થેલાઓમાં તથા બંને મોપેડના ચાલકોએ તેઓની પીઠ પાછળ લગાવેલ સ્કુલ બેગમાંથી મળી આવેલ ગેર કાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કી/બીયરની બાટલી/ટીન નંગ-૬૯૩ (૧૮૦.૨૭૦ લીટર) કિં.રૂ.૨,૦૧,૨૬૬/- મળી કુલે કિં.રૂ.૨,૬૧,૨૬૬/- નો પ્રોહી મુદ્દામાલ ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે વાહતુક કરી લઇ આવી પકડાઇ જઇ તથા પ્રોહી જથ્થો ભરેલ મોપેડ આપનાર/પ્રોહી જથ્થો મંગાવનાર/ પાયલોટીંગ કરનાર પીન્ટુ મહેશ્વર માહતો, રહે. ગુંદલાવ, તા.જી.વલસાડ નાનો નહી પકડાઇ જઇ તમામે એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય દરમ્યાન આરોપીઓ વિરૂદ્ધ પ્રોહી.કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબની ફરિયાદ આપતા, તે ફરિયાદ નોંધી તપાસ કરનાર અધિકારીએ તપાસને અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા જણાતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ કરેલ.

(૨) ચાર્જશીટ રજુ થતા આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી આંક-૦૫ અને આંક-૦૬ અન્વયે આરોપીઓની પ્લી રેકર્ડ કરતા, આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરેલ જેથી સદર કામ ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) સદર કામમાં ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**મૌખિક પુરાવો.**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ મનોજભાઇ લીલાધરભાઇ પટેલની સોગંદ પરની જુબાની | ૦૮ |
| ૨ | ફરિયાદી ઓમપ્રકાશસિંહ રણબહાદુરસિંહની સોગંદ પરની જુબાની | ૧૦ |
| ૩ | ત.ક.અ.શ્રી ભાવિકકુમાર ડાહ્યાભાઇ જીતીયાની સોગંદ પરની જુબાની | ૧૨ |
| ૪ | પંચસાહેદ ગીરીશભાઇ મહેશભાઇની સોગંદ પરની જુબાની | ૧૪ |

**દસ્તાવેજી પુરાવો.**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૯ |
| ૨ | ફરીયાદ | ૧૧ |
| ૩ | એફ.એસ.એલ.સર્ટીફીકેટ | ૧૩ |

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થવાનું મૌખિક જાહેર કરેલ.

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓ નિર્દોષ છે તેઓ વિરૂદ્ધ ખોટી ચાર્જશીટ કરી તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાનું જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૬) કેસની હકીકતો ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

**૧.** શું ફરીયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, તા.૧૯.૦૯.૨૦૨૫ ના રોજ કલાક ૦૩:૧૫ વાગ્યે મોજે સેગવી ગામ, વડ ફળીયા, સ્કુલની પાસે રોડ ઉપર તા.જી.વલસાડ ખાતે આ કામે પકડાયેલ આરોપીઓએ તેઓના કબજાની સુઝુકી કંપનીની કાળા કલરની મોપેડ રજી નંબર જીજે–૧૯–બીડી–૪૬૭૯, કિં.રૂ. ૩૦,૦૦૦/– તથા બીજી સુઝુકી કંપનીની વહર નંબરની કાળા કલરની એકસેસ મોપેડ કિં.રૂ.૩૦,૦૦૦/– મળી બંને મોપેડ કુલ કિં.રૂ.૬૦,૦૦૦/–ની સીટના નીચે ડીક્કીના ભાગે છુટી તથા મોપેડના આગળ પગ મુકવાની જગ્યાએ કાળા કલરના રેગ્જીનના થેલાઓમાં તથા બંને મોપેડના ચાલકોએ તેઓની પીઠ પાછળ લગાવેલ સ્કુલ બેગમાંથી મળી આવેલ ગેર કાયદેસર

ભારતીય બનાવટનો વિદેશી દારૂ વ્હીસ્કી/બીયરની બાટલી/ટીન નંગ– ૬૯૩ (૧૮૦.૨૭૦ લીટર) કિં.રૂ.૨,૦૧,૨૬૬/– મળી કુલ્લે કિં.રૂ. ૨,૬૧,૨૬૬/– નો પ્રોહી મુદ્દામાલ ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે વાહતુક કરી લઈ આવી પકડાઇ જઇ તથા પ્રોહી જથ્થો ભરેલ મોપેડ આપનાર/પ્રોહી જથ્થો મંગાવનાર/પાયલોટીંગ કરનાર પીન્ટુ મહેશ્વર માહતો, રહે. ગુંદલાવ, તા.જી.વલસાડ નાનો નહી પકડાઇ જઇ તમામે એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય દરમ્યાન આરોપીઓ વિરૂદ્ધ પ્રોહી. કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ ?

## –:: નિર્ણયો ::–

**(૭)** ઉપરોકત મુદાઓના મારા તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

**મુદ્દા નં. ૧ :–**

**(૮)** આપણી ફોજદારી ન્યાય વિતરણ પદ્ધતિ મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજૂ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની થાય છે. આરોપીઓએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવુ અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઇ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઇ કારણ રહેતુ નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઇ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલ નથી કારણે કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરિબળો, તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ૨૦૦૦ સુપ્રિમ

કોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ) સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઇ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરિબળો તેમજ ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાષ, અતિરેકના કારણે ફરિયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે.

*It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to throw the case overboard, if true in main. If there is ring of truth in the main,the case should not be rejected.*

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામા એવું પણ જણાવેલ છે કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતા ને નજરે સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઇએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડિસકાર્ડ કરવો જોઇએ નહી. સાહેદે આપેલી જુબાની કઇ પરિસ્થિતિમાં આપેલ છે કઇ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઇએ. જે માટે ફરિયાદપક્ષે આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરથી શંકાથી પર સાબિત કરવાના રહે છે. જેના અનુસંધાને રજૂ થયેલ પુરાવા ધ્યાને લેવામાં આવે તો સૌ પ્રથમ આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક-૦૮ થી પંચસાહેદ મનોજભાઇ લીલાધરભાઇનાઓને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે આઠેક માસ પહેલા તેઓ વલસાડ રૂરલ પો.સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે તેઓને ત્યાં બોલાવેલા અને એક તૈયાર ટાઇપ કરેલા પંચનામા પર સહી કરાવેલી. આ સિવાય તેઓની રૂબરૂમાં કોઇ કાર્યવાહી થયેલ હોય કે તેઓએ કોઇ જગ્યાએ જવાનું થયેલ હોય તેવુ બનેલ નથી. તેઓને એક પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ-૧ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક-૦૯ થી રજૂ છે. સદર પંચસાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ કોઈ જગ્યાએ જવાનુ થયેલ હોય કે તેઓના રૂબરૂ કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

(૮.૧) વધુમાં ફરિયાદપક્ષે આ કામે આંક–૧૦ થી ફરિયાદી ઓમપ્રકાશસિંહ રણબહાદુરસિંહ રાજપુતનાઓને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨.૦૯.૨૦૨૫ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફ તથા બે પંચોના માણસો સાથે મોજે સેગવી ગામ, વડ ફળીયા, સ્કુલની પાસે રોડ ઉપર પ્રોહી પેટ્રોલીંગમાં હતા તે સમય દરમ્યાન બાતમીવાળી એકસેસ નં.જીજે–૧૯–ડીડી–૪૬૭૬ આવતા તેને ઈશારો કરી ઉભી રાખેલ. મોપેડના આગળના ભાગે તથા પાછળના ભાગે બે રેકઝીનના થેલાઓમાં પ્રોહી. નો મુદ્દામાલ જણાઈ આવેલ અને ચાલક પાસે પાસ પરમીટ માંગતા ન હોવાનું જણાવેલ જેથી ચાલકને તેમનુ નામ ઠામ પુછતા ચાલકે પોતાનું નામ રાજ મુકેશભાઈ ગાંધી, રહે. ગુંદલાવ, તા.જી.વલસાડ હોવાનું જણાવેલ તથા સાથે બીજી એક નંબર વગરની કાળા કલરની સુઝુકી મોપેડ પણ હતી અને તેના ચાલક પાસે પણ પ્રોહી. નો મુદ્દામાલ હોય પંચો રૂબરૂ તેમનું નામ ઠામ પુછતા પોતાનું નામ ભાવિન શૈલેષભાઈ પટેલ, રહે. ગોરગામ, વલસાડ હોવાનું જણાવેલ. સદર વાહનને વલસાડ રૂરલ પો.સ્ટે. ખાતે લાવી ચેક કરતા એકસેસ મોપેડ નં.જીજે–૧૯–ડીડી–૪૬૭૯ માંથી વ્હીસ્કી બોટલ નંગ–૩૯૦, કિં.રૂ.૧,૦૭,૩૪૩/– તથા નંબર વગરની મોપેડ ઉપરથી વ્હીસ્કી બોટલ નંગ–૩૦૩, કિં.રૂ.૯૩,૯૨૩/– મળી કુલ રૂ.૨,૦૧,૨૬૬/– નો પ્રોહિ મુદ્દામાલ મળી આવેલો અને સદર મુદ્દામાલ ક્યાંથી લાવેલ અને ક્યાં લઈ જવાનું તે બાબતે પુછતા દમણ ખાતેથી અલગ અલગ વાઈન શોપમાંથી લાવેલ અને ગુંદલાવ ખાતે પિન્ટુભાઈને આપવાનો હોવાનુ જણાવેલ. સદર ગુના અંગે તેઓએ સરકાર તરફે ફરિયાદ આપેલ. તેઓને ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે જે આંક–૧૧ થી રજૂ છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંકવાળો વિસ્તાર છે તેમજ તેઓની ફરિયાદમાં પંચોના નામ સરનામા જણાવેલા નથી તેમજ આ કામના પંચો રેગ્યુલર પંચો છે તેમજ રેડમાં જતા અગાઉ કોઈ પ્રાથમિક પંચનામું કરેલ નથી.

(૮.૨) વધુમાં ફરિયાદપક્ષે આ કામે આંક–૧૨ થી ત.ક.અ.શ્રી ભાવિકકુમાર ડાહ્યાભાઈ જીતીયાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૨.૦૯.૨૦૨૫ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફ તથા બે પંચોના માણસો સાથે મોજે સેગવી ગામ, વડ ફળીયા, સ્કુલની પાસે રોડ ઉપર પ્રોહી પેટ્રોલીંગમાં હતા તે સમય દરમ્યાન બાતમીવાળી એકસેસ નં.જીજે–૧૯–ડીડી–૪૬૭૬ આવતા તેને ઈશારો કરી ઉભી રાખેલ. મોપેડના આગળના ભાગે તથા પાછળના ભાગે બે રેકઝીનના થેલાઓમાં પ્રોહી. નો મુદ્દામાલ જણાઈ આવેલ અને ચાલક પાસે પાસ પરમીટ માંગતા ન હોવાનું જણાવેલ જેથી ચાલકને તેમનુ નામ ઠામ પુછતા ચાલકે પોતાનું નામ રાજ મુકેશભાઈ ગાંધી, રહે. ગુંદલાવ, તા.જી.વલસાડ હોવાનું જણાવેલ તથા સાથે બીજી એક નંબર વગરની કાળા કલરની સુઝુકી મોપેડ પણ હતી અને તેના ચાલક પાસે પણ પ્રોહી. નો મુદ્દામાલ હોય પંચો રૂબરૂ તેમનું નામ ઠામ પુછતા પોતાનું નામ ભાવિન શૈલેષભાઈ પટેલ, રહે. ગોરગામ, વલસાડ હોવાનું જણાવેલ. સદર વાહનને વલસાડ રૂરલ પો.સ્ટે. ખાતે લાવી ચેક કરતા એકસેસ મોપેડ નં.જીજે–૧૯–ડીડી–૪૬૭૯ માંથી વ્હીસ્કી બોટલ નંગ–૩૯૦, કિં.રૂ.૧,૦૭,૩૪૩/– તથા નંબર વગરની મોપેડ ઉપરથી વ્હીસ્કી બોટલ નંગ–૩૦૩, કિં.રૂ.૯૩,૯૨૩/– મળી કુલ રૂ.૨,૦૧,૨૬૬/– નો પ્રોહિ મુદ્દામાલ મળી આવેલો અને સદર મુદ્દામાલ ક્યાંથી લાવેલ અને ક્યાં લઈ જવાનું તે બાબતે પુછતા દમણ ખાતેથી અલગ અલગ વાઈન શોપમાંથી લાવેલ અને ગુંદલાવ ખાતે પિન્ટુભાઈને આપવાનો હોવાનુ જણાવેલ. સદર ગુના અંગે તેઓએ સરકાર તરફે ઓમપ્રકાશસિંહ રણબહાદુરસિંહ રાજપુત નાઓએ ફરિયાદ આપેલ. ત્યારબાદ આગળની તપાસ તેઓને મળતા કબજે કરેલ મુદ્દામાલને એફ.એસ.એલ. માં પૃથ્થકરણ માટે મોકલાવેલ. જે અંગેનો રીપોર્ટ આંક–૧૩ થી રજૂ છે. સદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને ત્યારબાદ તેઓએ આગળની તપાસ પી.આઈ.એસ.એન.ગડુને સુપરત કરતા આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ફક્ત ચાર્જશીટ દાખલ કરેલું.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંકવાળો વિસ્તાર છે તેમજ તેઓની ફરિયાદમાં પંચોના નામ સરનામા જણાવેલા નથી તેમજ આ કામના પંચો રેગ્યુલર

પંચો છે તેમજ રેડમાં જતા અગાઉ કોઇ પ્રાથમિક પંચનામું કરેલ નથી.

(૮.૩) વધુમાં ફરિયાદપક્ષે આ કામે આંક-૧૪ થી પંચસાહેદ ગીરીશભાઇ મહેશભાઇનાઓને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે આઠેક માસ પહેલા તેઓ પો.સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે તેઓને ત્યાં બોલાવેલા અને એક તૈયાર ટાઇપ કરેલા પંચનામા પર સહી કરાવેલી. આ સિવાય તેઓની રૂબરૂમાં કોઇ કાર્યવાહી થયેલ હોય કે તેઓએ કોઇ જગ્યાએ જવાનું થયેલ હોય તેવુ બનેલ નથી. તેઓને આંક-૦૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. સદર પંચસાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓએ કોઇ જગ્યાએ જવાનુ થયેલ હોય કે તેઓના રૂબરૂ કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું અવલોકન અને મુલ્યાંકન કરતા, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા પોલીસ સાહેદોએ ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા રેડીંગ પાર્ટીના પોલીસ સાહેદ સીવાય કોઇના નિવેદન સદર કામે લીધેલ નથી, કોઇ સ્વતંત્ર સાહેદોના નામો ફરીયાદમાં, કે ચાર્જશીટમાં જણાવેલ નથી, જે સ્વતંત્ર પંચ સાહેદને તપાસવામાં આવેલ છે તે પંચ સાહેદ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષ આ સાહેદોની જુબાની દ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ કામે જ્યારે પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે ફરીયાદપક્ષ આરોપીને પ્રોહીબીટેડ મુદ્દામાલ સાથે અટક કર્યા અંગેના પંચનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી અને તે સીવાય જ્યારે પંચો સાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે આરોપીના સભાન કબજામાંથી પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ હોય, કબજે કરેલ હોય તે હકીકત અંગે

ગંભીર શંકા ઉત્પન્ન કરે છે. આ સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઇ પટેલનો ચુકાદો માનસહ વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે જ્યારે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં નામદાર સુપ્રીમકોર્ટના હેમરાજ વિરુધ્ધ હરીયાણા રાજ્ય, અપીલ (ક્રીમીનલ) ૯૫૭/૧૯૯૮ નો ચુકાદો માનસહ વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહી તપાસવા માટે કોઇ ખુલાસો કરેલ ન હોય તેમજ અન્ય કોઇ તથ્યથી ફરીયાદને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઇએ. હાલના કામે પણ બનાવવાળુ સ્થળ વસ્તીવાળુ સ્થળ છે અને ત્યાં સ્વતંત્ર સાહેદો મળી શકે એ સ્વાભાવિક છે તેમ છતા તેઓના નિવેદનો લેવામાં આવેલ નથી કે ન લેવા અંગે કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી સદર ચુકાદો આરોપીને મદદરૂપ થાય છે તેમજ ફરીયાદપક્ષના અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષના કેસને કોઈ ફળદાયી હકીકત પ્રાપ્ત થાય તેની શક્યતા જણાતી નથી. આ સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા 1996 (૩) Crime page 85 (s.c) Satish Mahera v/s Delhi Administration **માં** ઠરાવેલ છે કે, “when judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on future date “. આમ જ્યારે ફરીયાદના કામે મહત્ત્વના તથા સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા ન હોય તો માત્ર ફોરમાલીટી પુરી કરવા ખાતર અન્ય સાહેદોને તપાસવા જરૂરી જણાતુ નથી. આ કામે રજુ થયેલ પુરાવાને આધારે ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય. નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨),

૧૧૬(બી) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂ અપીલ સમય વિત્યે નિયમ મુજબ નિકાલ કરવો. તથા મુદ્દામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેને આખરી હુકમ ગણવો અન્યથા મુદ્દામાલ વાહન તેની માલિકીની ખરાઈ કરી અપીલ સમય બાદ તેના માલિકને પરત સોંપવો અથવા મુદ્દામાલ વાહન અંગે અલગથી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓના જામીન અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:૦૧લી માહે જુલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧.૦૭.૨૦૨૬
વલસાડ

**(આર.એમ.બારોટ)**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,વલસાડ
કોડ નં. જીજે–૦૧૦૦૧